# <u>માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના</u>

<u>ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૧૪/UOR-૬/ખ</u>

1. ઉક્ત ઠરાવમાં દર્શાવેલ કોઈ પણ ગ્રુપમાં આવતા વિદ્યાર્થીઓ માટે "માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના"માં ઓનલાઈન ફોર્મ ભરવા માટેની વિગતો આ સાથે સામેલ છે.

2. આ યોજના માટે વિદ્યાર્થીએ વર્ષ ૨૦૧૭-૧૮ માં સ્નાતક અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ હોવો જોઈએ તથા પરિવારની વાર્ષિક આવક મર્યાદા રૂ. ૪.૫૦ લાખ હોવી જોઇયે.

3. વિદ્યાર્થીએ ઓનલાઈન ફોર્મ https://scholarships.gujarat.gov.in/ પર રજીસ્ટ્રેશન કરી ભરવાનું રહેશે.

4. રજીસ્ટ્રેશન કરતા પહેલા વિદ્યાર્થીએ નોટીસ બોર્ડ પર આપેલી બધી વિગતો જેતે લાઇન પર ક્લીક કરી વાંચી લેવી તથા ત્યારબાદ જ  ન લાઇન રજીસ્ટ્રેશન કરવું.
5. ઓનલાઇન રજીસ્ટ્રેશન માટે https://scholarships.gujarat.gov.in/ વેબસાઇટ પર લોગ-ઇન થવાનું રહેશે.
6. નોટીસ બોર્ડ પર દર્શાવેલ "New Registration" પર ક્લીક કરો.
7. પ્રથમ વખત રજીસ્ટ્રેશન માટે વિદ્યાર્થીએ "If you have not registered plz. Click for Registration" પર click કરવાનું રહેશે.
8. First Time Registration પર દર્શાવેલ લાગુ પડતી બધી વિગતો ભરી, મોબાઈલ નંબર એન્ટર કરી Get Password પર ક્લીક કરો. રજીસ્ટર થયેલા મોબાઈલ નંબર પર Password આવશે જેના વડે વિદ્યાર્થીએ લોગ ઇન થવાનું રહેશે. (વિદ્યાર્થીએ મોબાઈલ નંબર પોતાનો જ આપવો, અને સમગ્ર અભ્યાસક્રમનાં સમયગાળા દરમ્યાન બદલવો નહી, ભવિષ્યમાં એજ નંબર પર SMS દ્વારા માહિતી મોકલવામાં આવશે).
9. લોગ ઇન થયા પછી વિદ્યાર્થીએ ફોર્મમાં નિયત કરેલ જગ્યાએ પોતાનો ફોટો અને સહી અપલોડ કરવાની રહેશે. ફોટો અને સહી <u>.jpg /.jpeg/.pdf **ફોર્મેટમાં હોવા જોઈએ અને મહત્તમ 100 kb સાઈઝની હોવી જોઈએ.**</u>
10. લોગ ઇન થયા પછી માંગવામાં આવેલ વિગતો ભરવાની રહેશે અને જરૂરી દસ્તાવેજો અપલોડ કરવાના રહેશે. વિદ્યાર્થીઓએ  પોતાના ઓરીજીનલ દસ્તાવેજ સ્કેન કરીને ઓનલાઈન ફોર્મ સાથે અપલોડ કરવાના રહેશે. <u>**અપલોડ કરવાના તમામ દસ્તાવેજો** .jpg /.jpeg/.pdf **ફોર્મેટમાં હોવા જોઈએ અને દરેક દસ્તાવેજ મહત્તમ 500 kb સાઈઝની હોવી જોઈએ.**</u>

11. વિદ્યાર્થીએ વાલીની આવકનું **નાંણાકીય વર્ષ ૨૦૧૬-૧૭** નું આવકનું પ્રમાણપત્ર મામલતદાર અથવા તાલુકા વિકાસ અધિકારી પાસેથી મેળવવાનું રહેશે. વિદ્યાર્થીએ આપવાના સેલ્ફ ડેકલેરેશનમાં વાલી (માતા-પિતા)ની આવકની વિગતો આપવાની રહેશે.
12. વિદ્યાર્થીએ વાલીની આવકનું નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭નું ઇન્કમટેક્ષ રિટર્ન અથવા ઇન્કમટેક્ષ રિટર્ન ન ભરેલ હોય તેઓએ " આવકવેરાને પાત્ર આવક નથી હોવાનું સેલ્ફ ડીક્લેરેશન" આપવાનું રહેશે. (ફોર્મેટ વેબસાઈટ પર ઉપલબ્ધ છે)
13. જે વાલીઓની નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ની આવક રૂ. ૨.૫૦ લાખથી વધારે હશે તેમને ફરજિયાત ઇન્કમટેક્ષ રિટર્ન જોડવાનું રહેશે.
14. વિદ્યાર્થી જે સંસ્થામા પ્રવેશ મેળવે તે સંસ્થાના આચાર્યશ્રી પાસેથી સંસ્થાના લેટરહેડ પર પ્રમાણપત્ર મેળવીને રજુ કરવાનું રહેશે .
15. સેલ્ફ ડેકલેરેશન, સંસ્થાના આચાર્યશ્રી પાસેથી મેળવવાનુ પ્રમાણપત્ર તથા આવકના પ્રમાણપત્રનું ફોર્મેટ વેબસાઈટ પર ઉપલબ્ધ છે.
16. મંજૂર થયેલ મળવાપાત્ર સહાયની રકમ વિદ્યાર્થીના બેન્ક એકાઉન્ટમાં ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર (DBT) હેઠળ સીધી જમા થતી હોવાથી વિદ્યાર્થીએ નેશનલાઈઝ્ડ બેન્કમાં ખાતું ખોલાવવાનું રહેશે અને આ બેન્ક ખાતા સાથે વિદ્યાર્થીએ પોતાનો આધાર નંબર જોડવાનો (seeding) રહેશે .વિદ્યાર્થીએ પોતાના આધારનંબરની વિગત ઓનલાઈન અરજીમાં આપવાની રહેશે.
17. વિદ્યાર્થીએ ઓનલાઈન અરજી કર્યા બાદ અરજીપત્રની પ્રિન્ટઆઉટ લઈ રાજ્યભરમાં આવેલ ૧૭૬ હેલ્પ સેન્ટરો પૈકી પોતાના અભ્યાસક્રમને સંબંધિત નજીકના હેલ્પ સેન્ટર ખાતે અસલ દસ્તાવેજોની ચકાસણી કરાવવાની રહેશે અને અરજી સાથે નીચે જણાવેલ સ્વપ્રમાણિત દસ્તાવેજો જમા કરાવવાના રહેશે. Acknowledgement Receipt મેળવવાની રહેશે.

- આધારકાર્ડની **સ્વપ્રમાણિત** નકલ
- ધોરણ ૧૨ પાસ કર્યાની માર્કશીટની સ્વપ્રમાણિત નકલ
- શાળા છોડ્યાનું પ્રમાણપત્ર
- ડીગ્રી અભ્યાસક્રમમાં પ્રવેશ મળ્યાનો પ્રવેશ સમિતિનો લેટરની **સ્વપ્રમાણિત** નકલ,
- ટ્યુશન ફી ભર્યાની તમામ પહોંચની **સ્વપ્રમાણિત** નકલ,
- સેલ્ફ ડેકલરેશન(અસલમાં) ,

- વાલીની આવકનું પ્રમાણપત્ર મામલતદાર અથવા) તાલુકા વિકાસ અધિકારીનું( ની **<u>સ્વપ્રમાણિત</u>** નકલ,
- સંસ્થાના આચાર્યશ્રીનુ, સંસ્થાના લેટરહેડ પર, પ્રમાણપત્ર (અસલમાં),
- નેશનલાઈઝ્ડ બેન્કમાં બચત ખાતાની પાસબુકના પ્રથમ પાનાની **<u>સ્વપ્રમાણિત</u>** નકલ

- વિદ્યાર્થીએ જે ગ્રુપ સિલેક્ટ કરી અરજી કરી છે,તેનાં પ્રમાણપત્રની નકલ તેમણે રજુ કરવાની રહેશે તેની યાદી નીચે મુજબ છે. (વિદ્યાર્થીને લાગુ પડતા પ્રમાણપત્રો જ રજુ કરવાના રહેશે.)
  a) શ્રમિક કાર્ડ
  b) સૈનિક વેલફેર બોર્ડનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર
  c) વિકલાંગતાનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર
  d) જાતિનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર
  e) માતા પિતા અલગ થયાના પુરાવા (કોર્ટનો ચુકાદો)
  f) માતા/પિતાનું મરણનું પ્રમાણપત્ર
  g) અનાથ આશ્રમનું પ્રમાણપત્ર
  h) વિધવા હોવાનું પ્રમાણપત્ર
  i) ત્યકતા હોવાનું રૂ.૧૦૦ના સ્ટેમ પેપર પર એફિડેવિટ

18. ધોરણ-૧૨(વિજ્ઞાનપ્રવાહ/સામાન્ય પ્રવાહ)ની પરીક્ષા પાસ કરી સ્નાતક અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને ઓનલાઈન અરજી (registration) સંબંધિત કોઈ મુંઝવણ હોય તો તેમણે પોતાની ધોરણ-૧૨ની માર્કશીટ, જન્મ તારીખનો પુરાવો તથા એડમીશન ઓર્ડર Scan કરીને cmssgujarat2017@gmail.com પર મોકલી આપવાની રહેશે.

19. તબીબી અભ્યાસક્રમમાં માત્ર MBSS  અભ્યાસક્રમ જ અને અન્ય તમામ અભ્યાસક્રમ જેવા કે ડેન્ટલ , નર્સિંગ ,ફિઝ્યોથેરેપી ,આયુર્વેદ વગેરેનો સમાવેશ પેરામેડીકલમાં અભ્યાસક્રમમાં કરવામાં આવશે.

20. પેરામેડીકલ ,તબીબી ,ઈજનેરી વગેરેમાં સ્વનિર્ભર અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનારને જ ટ્યુશન ફીના ૫૦% અથવા મહત્તમ મર્યાદામાં સહાય મળવાપાત્ર થશે.

21. **<u>વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યાના ૧૫ દિવસમાં સંબંધિત અભ્યાસક્રમના નજીકના હેલ્પ સેન્ટર ખાતે જઈ દસ્તાવેજોની ચકાસણીની કાર્યવાહી પુર્ણ કરાવવાની રહેશે .</u>**

22. યોજનાની વધુ માહિતી હેલ્પ લાઈન નં.૦૭૯-૨૬૫૬૬૦૦૦, ૭૦૪૩૩૩૩૧૮૧(10:30 થી ૧૮:૦૦ દરમ્યાન) પરથી મળી શકશે.